# કોરોના સ્થિતિ સંદર્ભે પ્રધાનમંત્રીની સમીક્ષા કરી

## બેઠકમાં દિલ્હી સહિત દેશમાં રોગચાળાના સંદર્ભમાં સમીક્ષા કરાઈ : રવિવારે ગૃહપ્રધાન અમિત શાહ દિલ્હીની સ્થિતિ પર કેજરીવાલ સાથે બેઠક યોજશે

નવી દિલ્હી, તા. ૧૩

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે વરિષ્ઠ મંત્રીઓ અને અધિકારીઓ સાથે કોરોના વાયરસ સામેની લડતમાં સરકારે લીધેલા પગલાઓની સમીક્ષા કરવા વિગતવાર બેઠક યોજી હતી. બેઠકમાં રાષ્ટ્રીય સ્તરે વર્તમાન પરિસ્થિતિ અને રોગચાળાના સંદર્ભમાં કરવામાં આવેલી તૈયારીઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી. વડા પ્રધાન કાર્યાલય દ્વારા શેર કરેલી માહિતી મુજબ, પીએમ મોદીએ શહેર અને જિલ્લા હોસ્પિટલોમાં અને આઈસોલેશન કેન્દ્રોમાં જિલ્લા પથારીની જરૂરિયાતો અંગે સશક્તિકરણ જૂથની ભલામણોને ધ્યાને લીધી હતી. આ બેઠકમાં દિલ્હી સહિત વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રોગચાળાના સંદર્ભમાં પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન હર્ષ વર્ધન, વડા પ્રધાનના મુખ્ય સચિવ, કેબિનેટ સચિવ, આઈસીએમઆરના ડીજી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં એવી પણ ચર્ચા કરવામાં આવી હતી કે દેશના કુલ કેસમાંથી બે તૃતીયાંશ માત્ર પાંચ રાજ્યોમાં અને ખાસ કરીને તેમના મોટા શહેરોમાં છે. પીએમઓ દ્વારા જારી કરાયેલી પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે રોગચાળાને લઈને ખાસ કરીને મોટા શહેરોમાં ગંભીર પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. બેઠકમાં આ સ્થિતિને ધ્યાનમાં રાખીને, પરીક્ષણમાં વધારો કરવા તેમજ રોગચાળાની તેજીને અસરકારક રીતે કાબૂમાં રાખવા પથારી અને સેવાઓની ઉપલબ્ધતા પર ચર્ચા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ શહેર અને જિલ્લા કક્ષાએ હોસ્પિટલો અને આઈસોલેશન સેન્ટરોમાં પથારીની ઉપલબ્ધતા અંગે સશક્તિકરણ જૂથની ભલામણોને ધ્યાન લીધી હતી અને આરોગ્ય મંત્રાલયના અધિકારીઓને રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સલાહ સાથે આ સંદર્ભમાં કટોકટીની યોજનાઓ બનાવવાનો નિર્દેશ પણ આપ્યો હતો.

વડા પ્રધાને ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને તૈયારીઓને મજબૂત કરવા મંત્રાલયને સૂચના આપી હતી. બેઠકમાં રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોનાની વર્તમાન સ્થિતિ અને દર્દીઓની વધતી જતી સંખ્યા વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે જ, આગામી બે મહિનામાં દિલ્હીમાં પણ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. આ બેઠકમાં પણ પ્રશંસા કરવામાં આવી હતી કે ઘણા રાજ્યો, જિલ્લાઓ અને શહેરોએ કોરોના ફાટી નીકળવાનાની સ્થિતિ પર વધુ સારી રીતે નિયંત્રણ કર્યું છે. બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સલાહ આપી હતી કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અને આરોગ્ય પ્રધાને દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર અને મુખ્ય પ્રધાન સાથે કટોકટી બેઠક યોજવી જોઈએ જેમાં કોરોનાના વધતા જતા કેસોના પડકારને પહોંચી વળવા કેન્દ્ર, દિલ્હી સરકાર અને એમસીડીના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર છે જે દ્વારા વ્યાપક આયોજન કરી શકાય છે. આ બેઠક એવા સમયે લેવામાં આવી હતી જ્યારે દેશમાં કોરોના કેસમાં ઝડપથી વધારો જોવા મળી રહ્યો છે.

રાજધાની દિલ્હીમાં રોગચાળો પણ ગંભીર બની ગયો છે. ગૃહ પ્રધાન અમિત શાહ ખુદ કેન્દ્રીય આરોગ્ય પ્રધાન હર્ષ વર્ધન, દિલ્હીના નાયબ રાજ્ય પાલ અનિલ બૈજલ, સીએમ અરવિંદ કેજરીવાલ સાથે મહત્વપૂર્ણ બેઠક કરશે. આ બેઠક આવતીકાલે એટલે કે રવિવારે ગૃહ પ્રધાનની કચેરીમાં યોજાવાની છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૬ અને ૧૭ જૂનના રોજ વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ સાથે આ બેઠક કોરોના રોગચાળા અંગેના વીડિયો કોન્ફરન્સિંગ પહેલા કરી હતી. એવું કહેવામાં આવે છે કે વડા પ્રધાન મોદી રોગચાળાના મુદ્દે તમામ મુખ્યમંત્રીઓનો અભિપ્રાય જાણ્યા પછી જ નિર્ણય લેવા માગે છે. જો સૂત્રોનું મનાય તો, પીએમ મોદી જૂન મહિનામાં અનલોક -૧ ની ઘોષણા પછી પહેલીવાર વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે લાંબી વાતચીત કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે દેશમાં લોકડાઉન થયા બાદથી મોદીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે પાંચ બેઠક યોજી છે. આ બીજા તબક્કાની વાતચીત એ અર્થમાં પણ મહત્વપૂર્ણ છે કે ચેપના મોટાભાગના કેસ મહારાષ્ટ્ર, દિલ્હી, તમિળનાડુ અને ગુજરાતમાંથી આવ્યા છે.

# રાજ્યમાં નવા ૫૧૭ કેસ, વધુ ૩૩નાં મોત

## ગુજરાતમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૩૦૭૯ પર પહોંચ્યો : અમદાવાદમાં ૩૪૪ પોઝીટીવ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૩

કોરોના પોઝીટીવના રાજ્યમાં નવા ૫૧૭ દર્દીઓ નોંધાતા અત્યાર સુધીમાં કોરનાથી સંક્રમિતોનો કુલ આંકડો ૨૩ હજારને પાર થઈ ૨૩૦૭૯ થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૬ સહિત રાજ્યમાં ૩૩ વ્યક્તિઓના મોત થયા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક ૧૪૪૯ થયો છે. અમદાવાદમાં આજે ૩૪૪ નવા કેસ સામે કુલ સંક્રમિતનો આંકડો ૧૬ હજારને પાર થઈ ૧૬૩૦૬ થયો છે. રાજ્યમાં આજે ૫૪૮૬ ટેસ્ટ થયા અને ૬૧ વ્યક્તિઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં આજે ૧૫૮૯૧ લોકો ડિસ્ચાર્જ થયા છે. ગુજરાતમાં આજે વિતેલા ચોવીસ કલાકમાં એક દિવસના સૌથી વધારે ૫૧૭ નવા કોવિડ-૧૯ પોઝીટીવ કેસ નોંધાતા ગત ૧૧મી જુને આવેલ સૌથી વધારે ૫૧૭ કેસનો રેકોર્ડ તોડ્યો છે. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૨૩૦૭૯ પર પહોંચ્યો છે. રાજ્યમાં ૩૩ દર્દીઓના કોરનાને કારણે મોત થયા છે. જેમાં અમદાવાદમાં ૨૬, સુરતમાં ૩, અમરેલીમાં ૨, ભાવનગર અને પાટણ ખાતે ૧-૧ વ્યક્તિઓના મૃત્યુ નિપજતા મોતનો કુલ આંકડો ૧૪૪૯ પર પહોંચ્યો છે. અમદાવાદમાં આજે કોરના સંક્રમિતોનો આંકડો ૧૬ હજારને પાર થઈ ગયો અને ૧૬૩૦૬ થયો. ગત ૧૬મીએ કોવિડ-૧૯ના ૮ હજાર કેસ હતા જે ૨૮ દિવસમાં બમણા થયા. અમદાવાદમાં જૂન મહિનામાં ૯ વખત અને ગત મહિનામાં ૭ વખત ૩૦૦ પ્લસ દર્દીઓ રોજના વધ્યા હતા. અમદાવાદમાં આજે ૩૪૪ના નવા કેસ અને ૨૬ મૃત્યુ સાથે મૃત્યુઆંક ૧૧૬૫ પર પહોંચ્યો હતો. જ્યારે સાત વ્યક્તિઓને ડિસ્ચાર્જ આજે કરતા કુલ ડિસ્ચાર્જ ૧૧૪૦૦ થયો હતો. વડોદરામાં આજે ૪૦ વધુ પોઝીટીવ દર્દી આવતા ૧૫૧૧ કુલ કોરોનાગ્રસ્ત થયા છે. જ્યારે સુરતમાં આજે ૫૯ નવા પોઝીટીવ દર્દી સાથે કુલ સંક્રમિતોનો આંકડો ૨૫૦૩ અને વધુ ૩ મૃત્યુ સાથે રાજ્યમાં ૯૭ મોત થયા છે. જ્યારે ગાંધીનગરમાં આજે નવ દર્દી ઉમેરાતા ૪૫૯ દર્દી થયા હતા. રાજ્યના અન્ય જિલ્લાઓમાં ભાવનગર ૭, મહેસાણા ૬, અરવલ્લી, પંચમહાલ અને નર્મદામાં ૫, કચ્છ અને ભરૂચમાં ૪-૪, રાજકોટ, પાટણ, જામનગર અને અમરેલીમાં ૩, બનાસકાંઠા અને ખેડામાં ૨ તેમજ મહીસાગર, આણંદ, બોટાદ, ગીરસોમનાથ, સુરેન્દ્રનગર, છોટાઉદેપુર, જુનાગઢ ૧ અને અન્ય રાજ્યમાં ૬ વ્યક્તિઓ સંક્રમિત થયા હતા. રાજ્યમાં આજે કોરોનાના ૫૪૮૬ ટેસ્ટ સાથે કુલ ટેસ્ટ ૨,૮૩,૬૨૩ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજની સ્થિતિએ કુલ ૫૭૩૯ એક્ટીવ કેસ છે. જેમાં ૬૧ વેન્ટીલેટર પર અને ૫૬૭૮ સ્ટેબલ છે. સાથે ૩૯૦ દર્દી સાજા થઈને ઘરે ગયા. કુલ ૧૫૮૯૧ દર્દીઓ અત્યાર સુધીમાં સાજા થઈને ઘરે ગયા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૬૩૦૬ | ૧૧૬૫ | ૧૧૩૭૩ |
| સુરત | ૨૫૦૩ | ૧૦૨ | ૧૭૨૭ |
| વડોદરા | ૧૫૧૧ | ૪૩ | ૯૪૦ |
| રાજકોટ | ૧૪૮ | ૦૫ | ૮૨ |
| ગાંધીનગર | ૪૭૩ | ૨૩ | ૨૬૮ |
| ભાવનગર | ૧૬૬ | ૧૩ | ૧૧૫ |
| કચ્છ | ૧૦૩ | ૦૫ | ૭૦ |
| મહેસાણા | ૧૮૩ | ૦૮ | ૧૧૧ |
| ગીર-સોમનાથ | ૫૦ | ૦૦ | ૪૫ |
| પોરબંદર | ૧૪ | ૦૨ | ૦૯ |
| પંચમહાલ | ૧૧૮ | ૧૩ | ૮૬ |
| પાટણ | ૧૧૨ | ૧૦ | ૭૫ |
| છોટાઉદેપુર | ૪૦ | ૦૦ | ૩૩ |
| જામનગર | ૭૬ | ૦૩ | ૪૬ |
| મોરબી | ૦૬ | ૦૧ | ૦૪ |
| સાબરકાંઠા | ૧૩૫ | ૦૫ | ૯૨ |
| આણંદ | ૧૨૫ | ૧૨ | ૧૦૧ |
| દાહોદ | ૪૮ | ૦૦ | ૩૫ |
| ભરૂચ | ૭૮ | ૦૫ | ૪૧ |
| બનાસકાંઠા | ૧૫૦ | ૦૮ | ૧૧૭ |
| ખેડા | ૧૦૪ | ૦૫ | ૭૧ |
| બોટાદ | ૬૫ | ૦૨ | ૫૫ |
| નર્મદા | ૩૦ | ૦૦ | ૧૯ |
| અરવલ્લી | ૧૩૮ | ૧૨ | ૧૧૯ |
| મહીસાગર | ૧૧૭ | ૦૨ | ૧૦૭ |
| નવસારી | ૩૯ | ૦૧ | ૨૬ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| વલસાડ | ૫૭ | ૦૩ | ૨૯ |
| જૂનાગઢ | ૪૩ | ૦૧ | ૨૯ |
| સુરેન્દ્રનગર | ૬૬ | ૦૩ | ૩૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૫ | ૦૦ | ૧૨ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૨૪ | ૦૫ | ૦૯ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૨૩૦૭૯** | **૧૪૪૯** | **૧૫૮૯૧** |

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૭૭૯૬૬૪૪ | ૪૨૯૭૩૧ | ૩૯૧૩૨૧૩ |
| ભારત | ૩૧૭૩૬૮ | ૯૧૦૯ | ૧૫૯૫૯૭ |
| ગુજરાત | ૨૩૦૭૯ | ૧૪૪૯ | ૧૫૮૯૧ |
| ગાંધીનગર | ૪૭૩ | ૨૩ | ૨૬૮ |

## અરવલ્લીમાં કોરોના બેકાબુ ૨૪ કલાકમાં પાંચ કોરોનાગ્રસ્ત

સમગ્ર દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ત્રણ લાખને પાર કરી ગઈ છે. અત્યાર સુધી સાડ છ હજાર લોકોનાં મોત થયા છે. કોરોના વાયરસનો ચેપ દેશમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે, ત્યારે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાની સ્થિતિ બેકાબુ બની રહી છે. જીલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૫ લોકોનો કોરોના પોઝેટીવ આવતાં જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૧૪૭ પર પહોંચી ગઈ છે. મોડાસા શહેરમાં સતત કોરોના દર્દીઓની સંખ્યા વધવાની સાથે ૯ લોકોને કોરોના ભરખી જતા મોડાસામાં કોરોનાનું ભયાવહ રૂપથી લોકો ફફડી ઉઠ્યા છે. જીલ્લામાં સતત વધી રહેલા કોરોનાનું સંક્રમણ અને મૃત્યુદરને પગલે નેશનલ હેલ્થ મિશનના એમ.ડી. જે.ડી. દેસાઈ મોડાસા દોડી આવ્યા હતા અને જીલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય તંત્ર સાથે મુલાકાત કરી પરિસ્થિતિ પર તાગ મેળવ્યો હતો. મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સમીશનનો ખતરો શહેરીજનોના માથે મંડરાઈ રહ્યો છે.

મોડાસા શહેરમાં નિત્યદર્શ ફ્લેટ, કોટવાલ ફળી, રસુલાબાદ સોસાયટીના ત્રણ લોકો, અમ્રતપુરા કંપા અને બાયડ શહેરની ઉમિયા ટાઉનશીપમાં રહેતા આધેડ કોરોનામાં સપડાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. જીલ્લામાં સૌથી વધુ કપરી સ્થિતી મોડાસા શહેરની બની છે. અનલોક-૧ માં મળેલી છૂટછાટમાં લોકો જાણે કોરોનાએ વિદાય લીધી હોય તેમ બિન્દાસ્ત બની બહાર નીકળી રહ્યા છે. જેથી આગામી સમયમાં કોરોના બૉમ્બ વિસ્ફોટ થાય તો નવાઈ નહિ. આરોગ્યતંત્ર શહેરમાં સતત વધતા કોરોનાના કેસને લઈને ઉંધા માથે જોવા મળી રહ્યું છે.

મોડાસા શહેર સહીત જીલ્લામાં કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધી ૧૪૭ દર્દીઓ કોરોનાગ્રસ્ત બન્યા છે. મોડાસા શહેરમાં સતત કોરોના સંક્રમણનો અજગરી ભરડો યથાવત રહેતા જિલ્લામાં કોરોનાનું હોટસ્પોટ સેન્ટર બની રહ્યું છે. જિલ્લા આરોગ્યતંત્રએ કોરોનાનું સંક્રમણ અટકાવવા સઘન સર્વેની કામગીરી અને કોરોનાની ચેઈન શોધી તેને નાથવા માટે કડક પગલા ભરે તેવી માંગ લોકોમાં ઉઠી રહી છે.

## હિંમતનગર જી.એમ.ઈ.આર.એસ. નર્સિંગ સ્ટાફને સન્માનપત્ર અર્પણ કરાયા

હિંમતનગર, તા. ૧૩

સમગ્ર વિશ્વ કોરોના મહામારી સામે લડી રહ્યું છે ત્યારે આ લડાઈના પ્રથમ હરોળના



યોધ્ધા એટલે આપણા ડૉક્ટરો અને નર્સો હાલમાં દિવસ-રાત કોરોનાના દર્દીઓની સેવા કરી રહ્યા છે. પોતાની અને પોતાના પરિવારની પણ દરકાર કર્યા વગર ખડે પગે નર્સિંગ સ્ટાફ પોતાની ફરજ નિભાવી રહ્યો છે.

આ યોધ્ધાઓ દ્વારા કરવામાં આવતી સેવાની કદર અને પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે ટ્રેઈન નર્સ એસોસીએશન દ્વારા આ નર્સિંગ સ્ટાફનુ સન્માન કરવા માટે તેમને કોવિડ-૧૯ યોધ્ધાના પ્રસંશાપત્ર આપવા આવ્યા હતા. હિંમતનગર જી.એમ.ઈ.આર. એસ. જનરલ હોસ્પિટલના તમામ નર્સિંગ સ્ટાફને જી.એમ.ઈ.આર. એસ. જનરલ હોસ્પિટલના સિવિલ સર્જન ડો. ગાંધી, આર.એમ.ઓ. ડો. એન એમ શાહની હાજરીમાં સમગ્ર નર્સિંગ સ્ટાફનુ સન્માનપત્ર આપી બિરદાવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જી.એન.સી.ના ઈકબાલ કડીવાલા, જી.એમ.ઈ. આર. એસ. જનરલ હોસ્પિટલના મેટ્રન શ્રીમતી અરુણાબેન રાઠોડ, TNAI ના ઉત્તર ગુજરાતના પ્રતિનિધિ જોત્સનાબેન ચૌધરી અને અન્ય સ્ટાફે ઉપસ્થિતિ રહી સમગ્ર નર્સિંગ સ્ટાફનો જુસ્સો વધાર્યો હતો.

## કોરોના સંકટ સમયે બનાસ ડેરીનો માનવીય અભિગમ

### કર્મચારીઓને વધારાનો એક પગાર આપી કર્યા પ્રોત્સાહિત

સમગ્ર દેશ અને વિશ્વ જ્યારે કોરોના સંકટનો સામનો કરી રહ્યું છે અને અનેક ખાનગી તેમજ અન્ય સંગઠનોએ પોતાના કર્મચારીઓના પગાર પણ કાપી લીધા છે તે સંજોગોમાં એશિયાની નંબરવન ડેરી બનાસડેરીએ તેના સમગ્ર કોરોના વોરિયર્સ કર્મચારીઓને એક પગાર વધારાનો આપીને માનવીય અભિગમ અપનાવ્યો છે.

બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના જણાવ્યા અનુસાર બનાસડેરીના કર્મચારીઓએ કોરોના સંકટમાં પણ સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં અને પોતાના પરિવારની પણ ચિંતા કર્યા વગર કામ કરીને પશુપાલકોનું એકપણ દિવસનું



દૂધ ઘેર રહેવા દીધું નથી પરિણામે બનાસડેરીએ તેના દૂધઉત્પાદકોને કોરોના મહામારીના આ ત્રણ મહિના દરમિયાન ૨૦૦૦ કરોડ રૂપિયાનું ચુકવણું કરી શકી છે. આમ બનાસડેરીના કર્મચારીઓ, દૂધઉત્પાદકો અને વપરાશકર્તાઓ માટે કડીરૂપ બન્યા છે. કર્મચારીઓને વધારાનો એક પગાર ચૂકવતાં રૂપિયા ૧૧ કરોડ ૭ લાખ જેટલી રકમ બનાસડેરીના કર્મચારીઓને ફાળે જશે.

## વધુ ૫ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસનગર તાલુકાના ગોઠવા ગામે બેંક કર્મચારી તરીકે ફરજો બજાવતા એક પુરૂષ કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીએ આરોગ્ય વિભાગના પરિપત્ર મુજબ તંત્રને લેખિત બાંહેધરી આપતાં તેમને હોમ આઈસોલેશનની મંજૂરી આપવામાં આવી છે. આ દર્દીના પરિવારના અન્ય ૪ સભ્યોને હોમ ક્વૉરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જીઈબી કોલોની ખાતે હેર કટીંગ સલૂન ચલાવતા એક ભાઈનો રિપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યો છે. આ દર્દીના પરિવારમાં પણ બે જ વ્યક્તી છે. આ દર્દીને પણ હોમ આઈસોલેશન અંગેની મંજૂરી આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

સે. ૪-સી માંથી એક જ પરિવારમાંથી પતિ-પત્નીના રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ પરિવારનો સભ્ય અગાઉ સંક્રમિત થયેલ છે અને સારવાર હેઠળ છે. આજે આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે શહેરમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૬ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૧૨૪ દર્દીઓને ડિસ્ચાર્જ અપાયા છે અને ૨૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે હાલ સારવાર હેઠળ છે.

શહેરમાં કોરનાની સારવાર દરમ્યાન ૪ દર્દીઓના મોત થયા છે જેમાં બે મહિલા અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. શહેરમાં હાલ ૪૦૦ વ્યક્તીઓ ક્વૉરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૨૯૪ લોકો હોમ ક્વૉરોન્ટાઈન હેઠળ તો ૧૦૬ લોકો ફેસીલીટી ક્વૉરોન્ટાઈનમાં છે.

## અનિયંત્રિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૧,૪૫૮ પોઝિટિવ કેસો નોંધાયા છે અને તેને પગલે પોઝિટિવ કેસોની સંખ્યા ત્રણ લાખને પાર થઈ ગઈ છે. એક દિવસમાં વધુ ૩૮૬ લોકોના મોત થયા હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું

ભારત વિશ્વમાં સૌથી વધુ કોરોના કેસો ધરાવતા દેશોની યાદીમાં યુકેથી આગળ આવીને ચોથા ક્રમે પહોંચ્યું છે. દેશમાં શુક્રવાર સવારથી અત્યાર સુધીમાં રેકોર્ડ ૧૧,૪૫૮ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. દેશમાં મોટાભાગના રાજ્યોમાં અનલોક-૧ના અમલની સાથે કોરોનાએ પણ છૂટછાટ લીધી હોય તેમ કેસોમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. શુક્રવારે દેશમાં સૌપ્રથમ વખત સત્તાવાર રીતે પોઝિટિવ કેસોનો આંક ૧૦ હજારને પાર થયો હતો.

અત્યાર સુધીમાં કોરોનાની જંગમાં જીતીને ૧,૫૪,૩૨૯ લોકો સાજા થયા છે જેને પગલે દેશમાં કુલ સક્રિય કેસની સંખ્યા ૧,૪૫,૭૭૯ છે. આ સાથે જ દર્દીઓના સ્વસ્થ થવાની ટકાવારી ૪૯.૯ ટકા જેટલી રહી છે. દેશમાં પ્રથમ એક લાખ કેસ ત્રણ મહિના બાદ થયા હતા જ્યારે હવે ફક્ત પખવાડિયાથી ઓછા સમયમાં એક લાખ કેસોનો વધારો થતો જોવા મળ્યો છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૩ દિવસમાં ૧૦૩૫૪ દર્દી કોરોનાના મળી આવ્યાં હતા. અને રાજ્યમાં કોરોનાના સૌથી વધારે દર્દી ૩૧ થી ૪૦ વર્ષની વયના હોવાનું બહાર આવ્યું છે. મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૩૭૧૭ લોકોએ જીવ ગુમાવ્યા છે.

મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય વિભાગે અત્યાર સુધી ૯૩ હજાર ૮૦૪ દર્દીઓનું ઉંમર પ્રમાણે એનાલિસિસ કર્યું છે. જેમાં સૌથી વધારે દર્દી ૩૧ થી ૪૦ વર્ષની ઉંમરના છે, જે રાજ્યમાં સંક્રમિતોની કુલ સંખ્યાના ૨૦.૧૦% છે. આ પ્રકારે ૨૧ થી ૩૦ વર્ષની ઉંમરના ૧૭૮૯૦ સંક્રમિત મળ્યા છે. સાથે જ રાજ્યમાં ૧૦ વર્ષની ઉંમર સુધીના ૩૦૮૧ બાળકો સંક્રમિત થયા છે.

ભારતની વાત કરવામાં આવે તો મહારાષ્ટ્રમાં ૧૨૭ લોકોના મોત થયા હતા. અહીંયા મુંબઈ દેશનું પહેલું શહેર બન્યું છે, જ્યાં મૃતકોનો આંકડો બે હજારને પાર થઈ ગયો છે. અહીંયા અત્યાર સુધી ૨,૦૪૪ લોકોના મોત થઈ ચુક્યા છે. દેશની રાજધાની દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધારે ૧૨૯ લોકોના મોત થયા છે. રાજ્યમાં અત્યાર સુધી થયેલા મોતમાં આ સંખ્યા સૌથી વધારે છે. આ પહેલા ગુરુવારે જ ૧૦૧ સંક્રમિતોના મોત થયા હતા.

વિતેલા ૨૪ કલાકમાં વધુ ૩૮૬ મોત થયા છે જે સૌથી વધુ દિલ્હીમાં ૧૨૯, મહારાષ્ટ્રમાં ૧૨૭, ગુજરાતમાં ૩૦, ઉત્તર પ્રદેશમાં ૩૦, તામિલનાડુમાં ૧૮, પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને મધ્ય પ્રદેશમાં ૯-૯, કર્ણાટક તેમજ રાજસ્થાનમાં ૭-૭, હરિયાણા અને ઉત્તરાખંડમાં ૬, પંજાબમાં ૪, આસામમાં ૨, કેરળ, જમ્મુ કાશ્મીર અને ઓડિશામાં ૧ મોત થયું છે.

રાજસ્થાનમાં ૨૩૦ નવા દર્દી સામે આવ્યા અને ૭ લોકોના મોત થયા હતા. સિરોહીમાં ૪૭, અલવરમાં ૩૨, જયપુર અને જોધપુરમાં ૨૯-૨૯ દર્દી મળ્યા હતા. રાજ્યમાં અત્યાર સુધી સંક્રમિતોની સંખ્યા ૧૨ હજાર ૬૮ થઈ ગઈ છે, જેમાંથી ૨૭૮૫ એક્ટિવ કેસ છે. મધ્યપ્રદેમાં શુક્રવારે ૨૦૨ નવા કેસ સામે આવ્યા હતા અને ૯ દર્દીઓના મોત થયા હતા. રાજ્યમાં સંક્રમિતોનો આંકડો ૧૦ હજાર ૪૪૩ થઈ ગયો છે.

## અનેક ભાગમાં...● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત હજી સુધી કોરોનાના સમુદાય ટ્રાન્સમિશન તબક્કે પહોંચ્યું નથી. પરંતુ વાઈરોલોજી, જાહેર આરોગ્ય અને દવાના નિષ્ણાતો આ બાબત સાથે સહમત નથી. દેશમાં કોરોના વાયરસના સંક્રમણના વલણને જાણવા પ્રથમ વખત સેરો સર્વે કરાયો હતો. ૬૫ જિલ્લાઓમાં ૨૬,૪૦૦ લોકોમાં કરાયેલા સર્વેક્ષણના માત્ર ૦.૭૩ ટકામાં કોરોના જોવા મળ્યો હતો. આટલા મોટા દેશ માટે સર્વે અપૂરતો છે : એઈમ્સના ડિરેક્ટર ડોક્ટર એમસી મિશ્રાના કહેવા પ્રમાણે, એમાં કોઈ શંકા નથી કે કોરોનાનું સમુદાય ટ્રાન્સમિશન દેશના ઘણા ભાગોમાં જોવામાં આવ્યું છે. તેમણે કહ્યું, ×સામૂહિક હિજરત અને લોકડાઉનનાં પ્રતિબંધોમાં છૂટને કારણે કોરોના વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે. હવે આ રોગ એવા વિસ્તારોમાં પણ ફેલાયો છે જ્યાં પહેલા કોઈ કેસ નહોતો.